ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# ઓદ્યોગિક એકમોના ૬૧ ડિફોલ્ટરો પાસેથી ૩૧.૧૧ કરોડની વિજબીલ વસુલાત બાકી

ગાંધીનગર જિલ્લામાં ૧ લાખ કે તેથી વધુ રકમના વિજ બીલ ન ચુકવ્યા હોય તેવા ક્યા ઓદ્યોગિક એકમોના ડિફોલ્ટર પાસેથી કેટલી રકમ વસુલવાની થાય છે તે અંગે પેટલાદના ધારાસભ્ય નિરંજન પટેલે પુછેલા પ્રશ્નના જવાબમાં ઉર્જામંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાના ૬૧ ઓદ્યોગિક એકમો પાસેથી ૩૧.૧૧ કરોડની વિજબિલ રકમ વસુલ કરવાની થાય છે. જયારે આ ડિફોલ્ટરો પાસેથી વસુલાત કરવા માટે વિજ જોડાણ કાપવા, વસુલાત માટે દાવો દાખલ કરવાના તેમજ વિજજોડાણ કાપવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

**ગુણવત્તા વગરના ખાદ્યપદાર્થોના ઉત્પાદન સામે ૩૩ એકમો સામે કોર્ટ કેસ ૪૦ હજારનો દંડ**

ગાંધીનગર જિલ્લામાં ખાદ્યઉત્પાદનાનુ વેચાણ કરતા કેટલા એકમોની ઉત્પાદન ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવી માણસાના સુરેશ પટેલના પ્રશ્નના જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ ગાંધીનગર કોર્પોરેશન વિસ્તાર સહીત ચારેય તાલુકાઓમાં બે વર્ષમાં કુલ ૫૪૬ એકમોની તપાસ કરવામાં આવી છે. આ પૈકી ૪૦ એકમો કસુરવાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે ૩૩ કિસ્સામાં ડિકેટીંગ ઓફિસરની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જયારે ચુકાદાના અંતે રૂ ૪૦ હજારનો દંડ પણ વસુલાયો છે.

**જયોતિગ્રામ યોજના હેઠળ નવા ૨૮૨૩૪ જોડાણ અપાયા**

ગાંધીનગર જિલ્લામાં જયોતિગ્રામ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા વિજજોડાણ આપવામાં આવ્યા તેવા કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં ઉર્જા મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે જિલ્લામાં કુલ ૨૮૨૩૪ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે ખેતીવાડી તેમજ નવા વિજ જોડાણ મેળવવા માટે જિલ્લામાંથી ૧૧૬૬ અરજીઓ મળી છે. આ પૈકી ૪૨૭ અરજીઓ મંજુર કરવામાં આવી છે. ખેતીવાડીના હેતુ માટે કેટલા વિજ જોડાણ નવા આપવામાં આવ્યા તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ૩૬૯ જોડાણ આપવામાં આવ્યા છે.

**છેલ્લા બે વર્ષમાં ગામો માટે ૫૦ ટયુબવેલ મંજુર કરાયા**

બાલીસિનોરના અજીતસિંહ ચૌહાણે પુછેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રીએ જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૬ માં ગાંધીનગર તાલુકાના ૪, દહેગામના ૧ , કલોલના ૨ અને માણસાના ૯ ગામોમાં કુલ ૧૬ ટયુબવેલ મંજુર કરવામાં આવ્યા છે. જયારે આ તમામની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે વર્ષ ૨૦૧૭ માં ૨૪ ગામો માટે ૨૪ ટયુબવેલ મંજુર કરવામાં આવ્યા તે પૈકી ૨૩ નુ કામ પુર્ણ થઈ ગયુ છે. આ ઉપરાંત નવિન પાણીની ટાંકી સંદર્ભે છેલ્લા બે વર્ષમાં ૯ ગામોમાં ૧૦ કામો પુર્ણ કરાયા છે. જયારે ૪ કિસ્સામાં કામ બાકી છે.

**એક વર્ષમાં જન્મજાત ૧૨૯ જન્મજાત બધીરોનુ કોકલીયર ઇમ્પલાન્ટ કરાયુ**

છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે જન્મજાત બધીરતા વાળા બાળકોની સારવાર માટે શુ વ્યવસ્થા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



વાતાવરણમાં પલ્ટો - ઉનાળાના આરંભે આજે બુધવારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતામાં મૂકાયા હતા... હજુ તો ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો ૩૬-૩૭ ડિગ્રીએ પહોંચવાના સમાચારની શાહી સૂકાઈ નથી ત્યાં વાદળછાયા વાતાવરણથી આશ્ચર્ય અનુભવાયું હતું... ગાંધીનગરના હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી મુજબ તો એકાદ-બે દિવસમાં માવઠાની પણ શક્યતા છે... અને જો હોળીના દિવસે ઉત્તરના પવનો રહે તો હજુ શિયાળો લંબાય પણ ખરો...

# વિધાનસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પ્રથમ સત્રમાં જ રજુ થતાં રાજકીય સન્નાટો

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સામે આજે કોંગ્રેસ પક્ષ દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

**પેટ્રોલ-ડિઝલ અને ખારત પણના વેટના પ્રશ્ને વિપક્ષના આક્રમક મીજાજથી ગૃહની કાર્યવાહી એક કલાક ખોરવાઈ : અગાઉ પણ આવા પ્રસ્તાવો આવ્યા છે પણ ચર્ચા થઈ નથી તેવા ઘણા બનાવો : ૧૪ દિવસમાં નિર્ણય થશે**

વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર દ્વારા આ અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્ત વિધાનસભા સચિવાલયને આપવામાં આવી છે. હવે તેની ચકાસણી અને અન્ય પ્રક્રિયાઓ હાથ ધરાશે.

નવી રચાયેલી વિધાનસભાના અધ્યક્ષની નિમણુંક થયાને માંડ થોડા દિવસ થયા છે ત્યાં આજે વિપક્ષ દ્વારા એકાએક આ આક્રમક પગલુ ભરવામાં આવ્યુ છે.

ગૃહમાં પેટ્રોલ, ડીઝલ, ખાતર પરના વેટ+લેસને લઈ એક કલાકની ચર્ચાનો પડકાર સરકાર તરફથી અપાયો હતો અને વિપક્ષે પણ આ મુદ્દે પછી નહિ હાલ જ ચર્ચા કરીએ તેવો સામો પડકાર અપાયો હતો.

આ પડકાર આપનાર નાયબ મુખ્યમંત્રી આ પછી ગૃહ છોડી ગયા હતા અને તેઓ દિલ્હી જવા રવાના થયા હતા પરંતુ આ મુદ્દે વિપક્ષે તેની જીદ ચાલુ રાખી અને ચર્ચા અત્યારે જ કરવાનો આગ્રહ ચાલુ રાખ્યો હતો.

આ મુદ્દે વિપક્ષ આજે ખુબજ આક્રમક મૂડમાં હતો. ત્યારે અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષના દંડકો સમય નિયત કરી આવે તેવુ જણાવ્યુ હતુ પરંતુ વિપક્ષે આ વાત સ્વીકારી ન હતી અને તેના સભ્યો



વ્હેલમાં ધસી આવ્યા હતા.

આ પછી સભાગૃહને શાંત કરી આગળના કાર્યવાહી થઈ શકે તે માટે અધ્યક્ષે સાર્જન્ટોને વ્હેલમાં ધસી આવેલા સભ્યોને ગૃહમાંથી આજ સાંજ સુધી દૂર કરવાના આદેશો કર્યા હતા. આથી વિપક્ષ વધુ ઉશ્કેરાટમાં આવી ગયો હતો.

વિપક્ષી સભ્યોએ અધ્યક્ષની ચેમ્બર પાસે બેસી ધરણા અને સૂત્રોચ્ચાર પણ કર્યો હતો. જો કે આ પછી સત્તાધારી પક્ષે મચક ન આપી હોવાથી વિપક્ષે અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાનો નિર્ણય લીધો હતો.

ગૃહમાં આજે પૂરક માંગણીઓ પરની પ્રથમ દિવસની ચર્ચા પૂર્ણ થઈ ગઈ છે. વિપક્ષી સભ્યોએ આક્ષેપ કર્યો છે કે તેમને બોલવા દેવામાં આવતા નથી તેમજ માઈકો બંધ કરી દેવાય છે. તેઓના અધિકાર પર આ સીધી તરાપ છે. સરકારે ચર્ચાનો પડકાર આપ્યો

● અનુસંધાન પાન-૭ પર

# રાજયસભાની ચૂંટણીને પગલે પાટનગરમાં રાજકીય ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં રાજયસભાની ચૂંટણીને લઈ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા વેગીલી બનાવી છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આ જ મુદ્દાને ખાનગી રાખી અને બપોરે દિલ્હી જવા રવાના થયા હતા. દિલ્હીમાં એક રાષ્ટ્ર એક ચૂંટણીને લઈ યોજાયેલ ચર્ચામાં સામેલ થવા તેઓ પહોંચ્યા હતા.

ગઈકાલે જ રાજયના મુખ્યમંત્રી રૂપાણી આ મુદ્દાનું સમર્થન જાહેર કરી ચુક્યા છે. આ ચર્ચા માટે ગયેલા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે રાજયસભાની ચૂંટણીને લઈ પણ વાતચીતો થઈ હોવાનું રાજકીય વર્તુળોએ જણાવ્યુ છે.

દરમ્યાન થોડા દિવસ અગાઉ કોંગ્રેસે પણ ૧૦ જેટલા ધારાસભ્યોને દિલ્હી તેડાવી આ બાબતે સભ્યોની લાગણી જાણવાનો પ્રયાસ કર્યો હોવાની વાતોના નિર્દેશ રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે.

બન્ને પક્ષો હાલ તો ઉમેદવારની પસંદગી અને તેની પ્રક્રિયાને લઈ કંઈજ બોલવા માગતા નથી અને તેમનો વ્યુહરચનાના કાર્ડ છાતી સરખા રાખી રહ્યા છે. બન્ને પક્ષને ફાળે બે બે સીટ આવશે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત

**દિલ્હી ગયેલા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે આ મુદ્દે ચર્ચા થયાની વાતો**

થતી વિગતો મુજબ બન્ને પક્ષો સર્વાનુમતે રાજ્યસભાનો જંગ લડવા આતુર છે. ભાજપના ૪ સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે તેમાં ત્રણ સભ્યો કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય છે. આમાંથી કોણ પડતા મુકાશે અને કોણ રીપીટ થશે કોઈને અન્ય રાજ્યમાં ખસેડવામાં આવશે કે કેમ ? તેને લઈ રાજકીય ઉત્સુકતાઓ પાટનગરમાં જોવા મળી રહી છે.

દરમ્યાન ૨૩મી માર્ચે યોજાનાર આ ચૂંટણી જંગ માટે વિધાનસભાના નાયબ સચિવ કરોવાને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૫મી માર્ચે આ ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને ૧૨ માર્ચ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે.

# પાણીના પ્રશ્નો માટે ખાસ કંટ્રોલરૂમ શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૨૮

આગામી ઉનાળામાં ઉભા થનારા જળસંકટને લઈ ગાંધીનગર ખાતે એક કંટ્રોલરૂમ પણ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કંટ્રોલરૂમ પર પાણીને લઈ ફરિયાદો થઈ શકશે. જેના પર રાજ્યનું પાણી પુરવઠાતંત્ર તુરત જ પગલાં લેશે. નર્મદા ડેમમાં આ વખતે પાણીની આવક ઓછી થતાં જળસપાટી તેની તળિયે આવી જવા પામી છે. આ સ્થિતિમાં આગામી દિવસોમાં આ કંટ્રોલરૂમ પર મળનારી ફરિયાદો મહત્વની પુરવાર થશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે જિલ્લામાં પેયજળની સ્થિતિને લઈ ઉભી થનારી પરિસ્થિતિ અંગે ડીસ્ટ્રીક્ટ મિનરલ્સ ફાઉન્ડેશનની ખાસ બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. જિલ્લામાં હાલ કોઈ જ પરિસ્થિતિ વિકટ નહિ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આગામી દિવસોમાં પણ પેયજળની માંગને પહોંચી વળવા પુતુ આયોજન કરાયુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. કંટ્રોલરૂમનો નંબર ૧૯૧૬ છે. આ કંટ્રોલરૂમ ૨૪૮૭ કાર્યરત રહેશે.

ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વજન ગુમાવ્યાની વેદના
શબ્દોમાં સમાતી નથી,
હર હંમેશ વહેતા હેતની
લાગણી સહેજે વિસરાતી
નથી, શુ કરીયે ફરિયાદ
અમારી ફરિયાદમાં
ફરિયાદ છે, ફરી-ફરી
યાદ આપની,
એજ અમારી ફરિયાદ છે


સ્વ. અસૌ. શ્રીમતી જશોદાબેન બાબુલાલ સુથાર

દેહ વિલય તા.૧૬-૦૩-૨૦૧૪
ફાગણ સુદ પૂનમ રવિવાર (હોળી)

બાબુલાલ જોઈતારામ સુથાર (મો.૯૮૨૫૩ ૬૦૮૨૩)

જીગર-અમી માનુષી-હિયા | નિકુંજ-અર્ચના જૈનીશ-કાર્તિક | સુદિપ-બિજલ જીયાંશ
હિમાંશુ-ફાલ્ગુની જીયાના | રમેશભાઈ-કુસુમબેન | હાર્દિક-પાયલ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથી



સ્વ. જનાર્દન શાંતીલાલ જોષી
જન્મ: ૨૪-૩-૧૯૩૦ સ્વ.: ૧-૩-૨૦૧૭

આપનું પ્રેરણાદાયી વ્યક્તિત્વ,
પ્રેમ ભરી લાગણી તથા
આપના સત્કર્મોની મહેક અનંતકાળ સુધી
અમારી સ્મૃતિમાં રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
શાંતિ અર્પે એજ અમારી પ્રભુને પ્રાર્થના

ગં.સ્વ. કુમુદબેન જનાર્દન જોષી
ભાર્ગવ જનાર્દન જોષી (પુત્ર) દેવલ ભાર્ગવ જોષી (પુત્રવધુ)
અજયકુમાર જનાર્દન જોષી (પુત્ર) દેવસ્મિતા અજયકુમાર જોષી (પુત્રવધુ)
મનોજકુમાર જનાર્દન જોષી (પુત્ર) નિષ્ઠા મનોજકુમાર જોષી (પુત્રવધુ)
હર્ષ મનોજકુમાર જોષી (પૌત્ર) જહાનવી હર્ષ જોષી (પૌત્રવધુ)
સ્તુતિ - અર્પિતા - કલ્યાણી - દર્શિતા - સૌમ્ય (પૌત્રી)
ઉત્સવ (પૌત્ર) - શૈષા (પ્રપૌત્રી) - રિયાન (પ્રપૌત્ર)

**જાહેર નિવિદા**

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ સંચાલિત પદાધિકારી તાલીમ કેન્દ્ર, ગાંધીનગર ખાતે તલાટી કમ મંત્રીઓને તાલીમ આપવા અંગે નિયત થયેલ અભ્યાસક્રમના વિષયોના જાણકાર અને અનુભવી વ્યાખ્યાતાઓ માટે નિવૃત્ત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ તેમજ સરકારી નોકરીમાં હોય તેવા અધિકારી - કર્મચારીઓએ તેમના અનુભવની વિગત - બાયોડેટા સાથે દિન-૧૦માં મોકલી આપવા જણાવવામાં આવે છે. નોકરીમાં ચાલી હોય તેમણે તેમની કચેરીના વડા મારફતે અરજી મોકલવાની રહેશે. તાલીમના અભ્યાસક્રમના વિષયોની માહિતી તાલિમ કેન્દ્રમાંથી મળી શકશે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ
બળવંતરાય મહેતા પંચાયત ભવન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

રાજેન્દ્ર પારઘી
પ્રમુખ,
ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ,
ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## ગૃહમાંથી વિપક્ષ એક દિવસ માટે સસ્પેન્ડ

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત વિધાનસભામાં પેટ્રોલ-ડીઝલ પર સેસના મુદ્દે વિપક્ષે ચર્ચાની માંગ સાથે હંગામો મચાવ્યો હતો. જેમાં કોંગ્રેસના મહિલા ધારાસભ્ય આશાબહેન પટેલ ભાજપ વિશે અભદ્ર ટિપ્પણી કરતા સ્પીકરે તેમને બે દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. પેટ્રોલ-ડીઝલ મુદ્દે વિપક્ષે સ્પીકરને ચર્ચા માટે રજૂઆત કરી પણ અધ્યક્ષે પરવાનગી આપી ન હતી. અને વિપક્ષના નેતાનું માઈક બંધ કરી દેવામાં આવ્યુ હતુ. જેથી કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ગૃહમાં હોબાળો કર્યો હતો. અને ભાજપ તેરી દાદાગીરી નહી ચાલે તેવા સુત્રોચ્ચાર સાથે હોબાળો કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય આશાબહેન પટેલે ભાજપ તેરી લુખ્ખાગીરી નહી ચલેગી તેમ કહીને નારા લગાવતા તેમને સ્પીકરે બે દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. જે બાદ કોંગ્રેસના બાકીના ચાર ધારાસભ્યો પણ ગૃહ છોડીને બહાર જતા રહ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યો વેલમાં ધસી આવતા અધ્યક્ષે કોંગ્રેસના ધારાસભ્યો ને આજ સુધી સસ્પેન્ડ કરી ને લઈ જવાનો આદેશ કર્યો હતો.



રંગ-ઉમંગનું પર્વ - રંગ અને ઉમંગની અભિવ્યક્તિ એટલે હોલીકાદહનનો બીજો દિવસ 'ધૂળેટી'... હોળી-ધૂળેટીના કાઉન્ટ - ડાઉન સાથે શહેરમાં અવનવા રંગો ઠેર ઠેર જોવા મળે છે... આવતીકાલે મિત્રો મોટા સમુહમાં એક-મેકને રંગવા નિકળી પડશે... ઉત્સાહ અને ઉલ્લાસના માહોલમાં હોલી હે... કહીને રંગથી રંગી દેવાનો હેતાળો પ્રયાસ નિહાળવાની પણ મજા પડે છે... પ્રેમના પ્રતિકરૂપે ઉડાડાતા રંગથી ઉમળકો અભિવ્યક્ત થાય છે... નાત-જાત, ઉંમર કે અમીર-ગરીબના ભેદભાવ સિવાય સમગ્ર સમાજ ઉમંગની અભિવ્યક્તિ માટે રંગનો સહારો લે છે... ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાથી ઉજવાતુ પર્વ ઘણો બધો સંદેશ સમાજમાં પ્રસરાવે છે... હોલીકા દહનમાં સાંગોપાંગ બચી જતા ભક્ત પ્રહલાદ માટે ખુશાલીનો ઉત્સવ, સમાજની એકાત્મકતા અને સમરસતા માટે રંગના માધ્યમથી ઉજવાતું સમરસતાનું પર્વ અને સંબંધોની કડવાશ ભૂલવા માટે રંગોના આધારે સ્નેહાળ સંબંધો બનાવવાનો નિર્દોષ પ્રયાસનું પર્વ એટલે હોળી - ધૂળેટીનું પર્વ.....

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com